ગત સભામાં ગરજેલા ભાજપના કોર્પોરેટરો કમિશનરની હાજરીમાં ચૂપ થઈ ગયા !

# ખાડીપુર મુદ્દે ઘમાસાણ : શાસકો માટે કુદરતી આફત, વિપક્ષ માટે ભાજપ સર્જીત

**સભાગૃહમાં** રજુઆતના કાગળો ફાડી ફેંકવા બદલ વિપક્ષી સભ્ય વિપુલ સુહાગીયા સસ્પેન્ડ : મેટ્રો બ્રિજ મુદ્દે વિરોધ પ્રદર્શન દરમિયાન શાસક-વિપક્ષ સામસામે આવી જતાં હોબાળા વચ્ચે સભા આટોપી લેવાઇ

સુરત : ખાડીપૂર બાદ પહેલી વખત મળેલી સુરત મનપાની સામાન્ય સભામાં વિપક્ષ આમ આદમી પાર્ટીએ ખાડીપૂર, રસ્તાના ખાડાઓ અને મેટ્રો બ્રિજના સ્પાનની ઘટના મુદ્દે શાસકોને ભીંસમાં લીધા હતા. ભાજપના સભ્યો દ્વારા ખાડીપૂર અને રસ્તા રિપેરીંગમાં તંત્રની કામગીરીના વખાણ કરી આડકતરી રીતે પોતાની જ પીઠ થાબડવા પ્રયત્ન કર્યો હતો, જોકે આમ છતાં વિપક્ષ સભાગૃહમાં હાવી રહ્યો હતો. એક વિપક્ષી સભ્યને સસ્પેન્ડ કર્યા બાદ પણ વિપક્ષની આક્રમકતા યથાવત રહેતા આખરે એજન્ડા પરના થોડા કામ બાકી હતા ત્યારે જ મેટ્રો બ્રિજની ઘટના બાબતે વિપક્ષી ઉપનેતા મહેશ અણઘડ દ્વારા થઇ રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે અધ્યક્ષસ્થાનેથી મેયરે એક સાથે તમામ કામ મુવ કરાવી બહુમતીના જોરે મંજુરી આપી દઇ સભા આટોપી લીધી હતી.

વિપક્ષે શાસકો પ્રજાલક્ષી સમસ્યાઓની રજુઆત કરવા દેવાને બદલે સભા આટોપી લેતા હોય ભાજપ શાસકો ભાગેડુ હોવાની ટીપ્પણી કરી હતી. મહત્વની વાત એ હતી કે જુન માસની સભામાં મનપા કમિશનર હાજર નહોતા ત્યારે શાસકપક્ષના સભ્યોએ પ્રિમોન્સુન કામગીરી અને અન્ય મુદ્દે વહીવટીતંત્ર પર બેફામ આક્ષેપો કર્યા હતા. પરંતુ આજે મનપા કમિશનર શાલિની અગ્રવાલની હાજરીમાં ડાહ્યા-ડમરા બની વહીવટીતંત્રના વખાણ કરતા આશ્ચર્ય ફેલાયું હતું.

બુધવારે મળેલી સુરત મનપાની સામાન્ય સભામાં અપેક્ષા મુજબ જ આ વખતે ચોમાસામાં પ્રિ-મોન્સુન કામગીરીની ખુલેલી પોલ, ધોવાયેલા રસ્તા, ખાડીપૂર, મેટ્રો બ્રિજના તૂટેલા સ્પાન મુદ્દે શાસકો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમજ ખાડીપૂર ભાજપ સર્જીત હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે, શાસકપક્ષના સભ્યોએ વરસાદની તીવ્રતા અને ઉપરવાસના પાણીનો હવાલો આપી ખાડીપૂરને કુદરતી આફત ગણાવી વિપક્ષના આક્ષેપો ફગાવવા પ્રયાસ કર્યો હતો.

જોકે આમ છતાં વિપક્ષ હાવી રહ્યો હતો. દરમિયાન રજુઆત માટે પૂરતી તક નહીં અપાતા વિપક્ષી સભ્ય વિપુલ સુહાગીયાએ સભાગૃહમાં રજુઆત માટે લાવેલા કાગળો ફાડીને ફેંકયા હતા. તેથી શાસકપક્ષના સભ્યઓએ ઉઠાવેલી તેને સસ્પેન્ડ કરવાની માંગણી મુજબ અધ્યક્ષ સ્થાનેથી વિપુલ સુહાગીયાને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરી દેતા વાતાવરણ ગરમાયું હતું.

એટલુ જ નહીં ત્યારબાદ પણ વિપક્ષી ઉપનેતા સહીતના સભ્યોની આક્રમક રજુઆત બાદ મેટ્રોના તૂટેલા સ્પાન મુદ્દે થર્મોકોલની સીટ સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિપક્ષી ઉપનેતા મહેશ અણઘડ મેયરની સામે આવવા જતા સિયુરીટી અને ભાજપના સભ્યોએ તેને ઘેરી લીધા હતા.

વિપક્ષ અને શાસકપક્ષના સભ્યો સામાસામે આવી જતા ભારે હોબાળો મચી ગયો હતો. દરમિયાન એજન્ડા પરના તમામ કામો એક સાથે મંજૂર કરી મેયરે સભા આટોપી લીધી હતી. તેથી સભાગૃહની બહાર પણ વિપક્ષ દ્વારા સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરાયું હતું.

### આ કુદરતી નહીં, ભાજપસર્જીત પૂર છેઃ વિપુલ સુહાગિયા

માત્ર ચાર પાંચ ઇંચ વરસાદમાં શહેરમાં પાણી ભરાય જાય એ કેવું? આ કુદરતી પૂર નહીં ભાજપ સર્જિત પૂર છે એવો આક્ષેપ આપના વિપુલ સુહાગિયા દ્વારા કરવામાં આવતા સામાન્ય સભામાં હોબાળો થયો હતો. ગટર સમિતિ ચેરમેન કેયુર ચપટવાળા એ જવાબ આપતા કહ્યું હતું કે ભરતીના કારણે પાણી ઉતરવામાં વાર લાગી હતી. પરંતુ સુરત મનપાએ દેશમાં સૌથી વધુ સારું કામ કરી બતાવ્યું છે. જેમાં વચ્ચે જ મહેશ અણઘડે ટકોર કરી હતી કે, ખાડી સફાઇ માટે બે વર્ષમાં ૩૦ કરોડ રૂપિયા ખર્ચાયા તો પૂર કેમ આવ્યું?

### વિપક્ષી સભ્ય સુહાગીયા સભાગૃહમાં ડેપ્યુટી મેયરના માસ્કવાળું ટેડીબેર ખભા પર મુકીને આવ્યા

સુરત : ગત અઠવાડીયામાં ખાડીપૂર દરમિયાન ગોડાદરા ખાતે એક યુવાનનું પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું, આ યુવાનનો મૃતદેહ મળ્યો ત્યારે ઘટના સ્થળે ગયેલા ડે. મેયર નરેન્દ્રભાઈ પાટીલે તેમના મોંઘા બુટ અને કાપડાં ન બગડે તે માટે માત્ર 2-4 ફુટ કાદવ ઓળંગવા ફાયર ઓફિસરના ખભા પર સવારી કરી ભાજપને ક્ષોભજનક સ્થિતિમાં મૂકી દીધું હતું.

આ ઘટના બાદ ચારે બાજુથી શાસકોની અસંવેદનશીલતા બાબતે ટીકા થઇ હતી.


(તસવીર : સતીષ જાદવ)

દરમિયાન આજે મળેલી સામાન્ય સભામાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ એ ઘટનાનો પ્રતિકાત્મક વિરોધ કર્યો હતો.

જેમાં 'આપ' કોર્પોરેટર વિપુલભાઈ સુહાગીયાએ ટેડીબિયર પર ડે. મેયર નરેન્દ્ર પાટીલનું માસ્ક પહેરાવી પોતાના ખભે ઊંચક્યું હતું. અને સામાન્ય સભામાં પ્રવેશ કરવા પ્રયત્ન કર્યો હતો જો કે સિક્યોરિટીએ ટેડીબિયર જપ્ત કરી લીધું હતું. પરંતુ મનપામાં આ ટેડીબેરનો કિસ્સો ચર્ચાનો વિષય બન્યો હતો.

### હજીરા રોડ પર નોટીફાઇડ એરીયામાં સુવિધા આપવા માંગણી : ઝોન દીઠ મહિલા હાટ બજાર બનાવો

પાલ વિસ્તારના ભાજપના મહિલા કોર્પોરેટર ઉર્વશી પટેલે સભાગૃહમાં રજુઆત કરી હતી કે, હદ વિસ્તરણ બાદ સુરત શહેરમાં સમાવેશ થયેલી હજીરા રોડ પરના નોટીફાઈડ વિસ્તારમાં આવેલી સોસાયટીનાં રહેણાંક મકાનોની આકરણી થઈ ગઈ છે. રહીશો દ્વારા પ્રોપર્ટીટેક્ષ ભરવામાં આવે છે તેમ છતાં તેમને રોડ, રસ્તા, પાણી સહીતની પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં આવી નથી. તો તેમણે ભરેલા વેરાના રૂપિયા પરત કરવામાં આવશે કે કેમ તેવી રજુઆત ઉર્વશી પટેલે કરી હતી. ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓ તેમજ સખીમંડળની મહિલાઓને આર્થિક મદદ કરવા માટે મનપાના યુસીડી વિભાગ દ્વારા તહેવારોમાં જ મેળાનું આયોજન કરી સ્ટોલની ફાળવણી કરવામાં આવે છે. તેના બદલે સખીમંડળોની મહિલાઓને કાયમી ધોરણે સ્ટોલની ફાળવણી કરવા ઝોન દીઠ મહિલા માટે હાટ બજારનું આયોજન થવું જોઇએ.

### ખાડીપુરના કાયમી ઉકેલ માટે મીઠી ખાડીનો ડીટેઇલ પ્રોજેકટ બનાવી કામ કરીયે : દિનેશ રાજપુરોહીત

ભાજપના કોર્પોરેટર દિનેશ રાજપુરોહીતે સભાગૃહમાં રજુઆત કરતા કહ્યું હતું કે, સારોલી ખાતેના આશીર્વાદ માર્કેટથી સરથાણા સુધીની મીઠી ખાડીનું લેવલ એકસરખું ન હોવાને કારણે કેટલાક વિસ્તારોમાં ખાડીની સપાટી ૮.૪૦ મીટર તેમજ ૯ મીટર પર પહોંચે છે, ત્યારે સંજય નગર, બેઠી કોલોની, વામ્બે આવાસ, કુંભારિયા ગામ સહીતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી પ્રવેશવાનું શરૂ થઇ જાય છે. જેને પગલે અનુમાન લગાવવું મુશ્કેલ છે. જેને પગલે મીઠીખાડીનો ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવામાં આવે અને કાયમી નિરાકારણ માટે પ્રયાસો થવા જોઇએ હાલમાં મનપાથી લઇને કેન્દ્ર સુધી ભાજપની સરકાર છે. નવસારીના સાંસદ સી.આર.પાટીલના વિભાગમાં જ આ કામનો સમાવેશ થાય છે તેથી તેના માર્ગદશનમાં ઝડપથી આ આયોજન થઇ શકે તેવી રજુઆત કરવામાં આવી હતી.

એક કિલોમીટરનાં રસ્તા પાછળ, સવા કરોડનો ખર્ચ છતાં રસ્તા તકલાદી કેમ ?

# ત્રણ વર્ષમાં રસ્તાઓ પાછળ 794 કરોડ વપરાયા તે, ક્યાં ગયા? : વિપક્ષના સવાલ સામે શાસકો ચૂપ

**ભાજપની** કટકીના કારણે ઇજારદારો નબળું કામ કરતા હોવાથી બજેટમાં જ પાર્ટીફંડ અને ભાજપનું કમિશન ફિક્સ કરી દો તેવી ટિપ્પણી થતાં હોબાળો

સુરત : સુરત મનપાની સામાન્ય સભામાં ખાડીપૂરની સાથે સાથે રસ્તાઓની બદતર હાલત બાબતે પણ વિપક્ષે શાસકોને બેકફૂટ પર મૂકી દીધા હતા. વિપક્ષના ઉપનેતા મહેશ અણઘડે એવો આક્ષેપ કર્યો હતો કે રસ્તા પાછળ કરોડો રૂપીયા ખર્ચાય છે પરંતુ રસ્તાઓ તૂટી જાય છે, તેનું કારણ ભાજપના કમિશનના કારણે ઈજારાદારો નબળા રસ્તા બનાવતા હોય છે, તેથી કામની ગુણવતા જળવાય તે માટે બજેટમાં જ પાર્ટીફંડની જોગવાઇ કરી દો, તેમના આ વાક્યથી ભાજપના નગરસેવકોની દુઃખતી નસ દબાઇ હોય તેમ હોબાળો મચી જવા પામ્યો હતો.

મહેશ અણઘડે આંકડાઓ રજુ કરતા જણાવ્યું હતું કે, ત્રણ વર્ષમાં સુરત મનપાએ રસ્તાઓ માટે 794 કરોડનો ખર્ચ કર્યો છે. તેમાંથી 654 રનીંગ કિલોમીટરના રસ્તા બન્યા હોવાનો દાવો છે. એટલે કે એક કિલોમીટર માટે સવા કરોડનો ખર્ચ કર્યો છે. આમ છતાં રસ્તાઓ તૂટી રહ્યાં છે. બે વર્ષમાં માત્ર રસ્તાના ખાડા પુરવા માટે જ બે લાખ મેટ્રીક ટન મટીરીયલ્સ વપરાયાનું મનપાનો રેકોર્ડ જણાવે છે. જેની પાછળ 75 કરોડનો ખર્ચ બતાવાયો છે. આમ છતાં રસ્તા પરના ખાડા તો યથાવત જ છે. તો આ અબજો રૂપિયા ગયા કોના ખિસ્સામાં તે સવાલ ઉઠી રહ્યો છે.

### સામાન્ય સભામાં પુર્વ કમિશનર બંછાનીધી પાનીની ખાડી ડાયવર્ટની યોજના માટે હિમાયત

પૂર્વ ડેપ્યુટી મેયર અને ભાજપના સિનિયર નેતા દિનેશ જોધાણીએ ખાડીપૂરની અસરને નાબુદ કરવા માટે ખાડીના પાણી ડાયવર્ટ કરવાની જુની વિચારણા અમલમાં લાવવા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે, કમિશનર બંછાનીધી પાની હતા ત્યારે મેં આ મુદ્દે રજુઆત કરી હતી. અને ખાડીના પાણી અન્ય ખાડીમાં ડાયવર્ટ કરવા માટે પ્લાનિંગ વિચારાયું હતું જો આ યોજના અમલમાં મુકાય તો ખાડીપૂરની અસરને મહદઅંશે ખાળી શકાય, વિપક્ષના ઉપનેતા મહેશ અણઘડે પણ જણાવ્યું હતું કે, આઉટર રીંગ રોડની બંન્ને બાજુ 22-22 મીટરનો રસ્તો ખુલ્લો છે આ જગ્યા પર પાણી ડાયવર્ટ કરી લોકોને ખાડીપૂરની મુશકેલીમાંથી બચાવી શકાય તેમ છે.

### ટ્રાફિક સિગ્નલના કારણે મોબાઇલ-ચેઇન સ્નેચિંગ ઘટ્યા : કોર્પો. નિરાલી પટેલ

સભાગૃહમાં આપમાંથી ભાજપમાં આવેલા પક્ષપલટુ કોર્પોરેટર નિરાલી પટેલે શહેરમાં કાર્યરત થયેલી ટ્રાફિક સિગ્નલ સિસ્ટમની સરાહના કરી હતી. શહેરમાં 213 જેટલા સિગ્નલો લગાડી તેના ટાઇમીંગમાં પણ ફેરફાર કરવાના કારણે વાહનચાલકોના સમયનો વ્યય અટક્યો છે અને અકસ્માતના કેસોમાં પણ ઘટાડો નોંધાયો છે. તે સિવાય મોબાઈલ અને સ્નેચિંગના કિસ્સાઓમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

### ધામીનો ઉકળાટ: 11 લાખનો પ્રશ્ન હતો હવે 10-10 કરોડના દાવા કર્યા છે!

આપમાંથી ભાજપમાં આવેલા કોર્પો. અશોક ધામીએ વિપક્ષી નેતા પાયલ સાકરીયા દ્વારા કરાયેલા માનહાનીના દાવા બાબતે ઉકળાટ ઠાલવતા જણાવ્યું હતું કે, 11 લાખનો પ્રશ્ન હતો. હવે 10 -10 કરોડના દાવા કર્યા છે. જોકે વિપક્ષે સામે એવી જ આક્રમકતા બતાવતા અશોક ધામી વધુ અસરકારક રીતે બોલી શકયા નહોતા અને તેમણે વરાછાના ઉપરના ભાગમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો આપના નેતાઓ ટેબલ નીચેથી રૂપિયા લે છે. તેવું કહેવા પ્રયાસ કર્યો હતો. જોકે તેની સામે વિપક્ષે ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર થાય છે એમને ? એવો સવાલ કરતા મેયરે બેસાડી દીધા હતા.

### ગેરકાયદે કતલખાનાના હાડકાથી ખાડી અવરોધાય છે : ચૌમાલ

ભાજપના કોર્પોરેટર વિજય ચૌમાલે સભાગૃહમાં સનસનાટી ભર્યું નિવેદન કરતા જણાવ્યું હતું કે, મારા વિસ્તાર પરવટ પાટીયા, ડુંભાલ વગેરે જગ્યાએથી પસાર થતી ખાડીના કિનારે ગેરકાયદે કતલખાના ધમધમે છે. ત્યાં બકરાં અને મોટા પશુઓની પણ કતલ થાય છે અને તેનાં હાડકા અને અન્ય કચરો ખાડીમાં ઠલવાય છે. તેના લીધે ત્યાં રહેતા શાકાહારી લોકોને હાલાકી છે અને ખાડીના વહેણ પણ અવરોધાઇ રહ્યાં છે.



# સુરતમાં પ્રથમવાર 'ઇન્ડિયા સબ જુનિયર મેન એન્ડ વુમન હોકી ચેમ્પિયનશિપ' યોજાઇ

**મધ્યપ્રદેશની** ગર્લ્સ અને બોઇસ બંને ટીમો ફાઇનલમાં વિજેતા બની

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરત ખાતે હોકી ઈન્ડિયા-વેસ્ટ ઝોન દ્વારા ૨૩થી ૩૦ જુલાઇ સુધી સાત દિવસીય સબ જુનિયર મેન એન્ડ વુમન ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, દીવ, દાદરા અને નગર હવેલીની કુલ ૧૩ હોકી ટીમોએ ભાગ લીધો હતો.

જેમાં ૭ બોયઝ ટીમો અને ૬ ગર્લ્સ ટીમો સમાવિષ્ટ હતી. બોયઝ ટીમ અને ગર્લ્સ ટીમની ફાઈનલ ટુર્નામેન્ટ ૩૦ જુલાઇએ રમાઈ હતી. ગર્લ્સ ફાઈનલ મેચ મધ્યપ્રદેશ અને હોકી છત્તીસગઢ વચ્ચે રમાઈ, જેમાં મધ્ય પ્રદેશે ૭-૧ થી ટુર્નામેન્ટ જીતી લીધી હતી. જ્યારે ત્રીજા સ્થાને મહારાષ્ટ્ર ટીમ ૫-૦થી રાજસ્થાન સામે જીતી હતી. બોયઝ ટીમમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે ફાઇનલ રમાઈ, જેમાં મધ્યપ્રદેશે ૭-૧ થી જીત મેળવી હતી. ત્રીજા સ્થાન પર દાદરા નગર હવેલી અને દમણ દીવ વિરુદ્ધ છત્તીસગઢ વચ્ચે રમાઈ જેમાં ૧-૧ (૫-૬ SO) થી છત્તીસગઢ વિજેતા થયું હતું. હોકી ચેમ્પિયનશીપમાં યુનિ.ના કાર્યકારી કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા, કુલ સચિવ ડો રમેશદાન ગઢવી, પત્રકારત્વ વિભાગના કોર્ડીનેટર ડો. ભરત ઠાકોર અને યુવક કલ્યાણ વિભાગના વડા ડો. પ્રકાશચંદ્ર પટેલ સહિત રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### ઝાડા-ઉલટીના વાવર વચ્ચે શહેરમાં મહિલા સહિત બેનાં મોત

સુરત : ઝાડા-ઉલટીના વાવર વચ્ચે શહેરમાં મહિલા સહિત બેના મોત થયા હતા. મૂળ ઉત્તરપ્રદેશના વતની સંજયભાઈ પાંડે હાલ ડિંડોલી વિસ્તારમાં આવેલા રાધિકા હોમ્સમાં પત્ની સુસ્મિતા (32 વર્ષ) તેમજ બે સંતાન સાથે રહે છે. તે ગાડી વોશ માટેનું સર્વિસ સેન્ટર ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેની પત્ની સુસ્મિતાને મંગળવારે તાવ આવી રહ્યો હતો. જેથી મેડિકલ સ્ટોર પરથી દવા લાવીને તેણીને આપી હતી. ત્યારબાદ બુધવારે વહેલી સવારે તેણીને ગભરામણ થતાં વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા તેનું મોત નિપજ્યું હતું. બીજા બનાવમાં, કોસાડ ગામમાં આવેલા જૂની હળપતિવાસમાં 35 વર્ષીય મેહુલ જયંતિભાઈ ચૌધરી એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. મેહુલ ખેતીકામ કરતો હતો. તેને મંગળવારે સવારે તાવ આવી રહ્યો હતો. જેથી ગામમાં આવેલા દવાખાનામાં જઈને દવા લઈને આવ્યો હતો. ત્યારબાદ સાંજે તેની અચાનક તબિયત લથડતાં તેને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.






(તસવીર : સતીષ જાદવ)

ભાજપ હમસે ડરતી હૈ.... પુલિસ કો આગે કરતી હૈ.....

# કોંગ્રેસે મેટ્રો મામલે વિરોધ પ્રદર્શન કરતાં અટક કરી 30 કિ.મી. દૂરના પોલીસ સ્ટેશને લઇ જવાયા

**મેટ્રોના** નમી ગયેલા સ્પાન મુદ્દે સારોલી ખાતે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું : 20થી વધુ નેતાઓની અટકાયત

સુરત : સારોલી ખાતે ચાલી રહેલા મેટ્રો રેલના બ્રિજનો સ્પાન નમી પડવા મુદ્દે શહેર કોંગ્રેસ દ્વારા સારોલી ખાતે આવેલા ભરત કેન્સર હોસ્પિટલ પાસે ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જો કે પોલીસે દેખાવો કરવા આવેલા કોંગ્રેસના 20થી વધુ નેતાઓની અટકાયત કરી લઇ 30 કિલોમીટર દુર હજીરા પોલીસ સ્ટેશને લઇ જવાતા કોંગ્રેસના નેતાઓએ આક્રોષ વ્યક્ત કરીને ભાજપ સરકાર કોંગ્રેસથી ડરે છે. એટલે પોલીસને આગળ કરે છે તેવો આક્ષેપ કર્યો હતો.

સારોલી ખાતે મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ક્રેક પડવાને કારણે સ્પાન એક તરફ નમી પડ્યો હતો. આ ઘટનાને પગલે મેટ્રો રેલની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા હતા. શહેર કોંગ્રેસ દ્વારા આજે સાંજના ૪.૩૦ વાગ્યાના અરસામાં સારોલી ખાતે આવેલી ભરત કેન્સર હોસ્પિટલ પાસે મેટ્રો રેલની કામગીરી વિરૂધ્ધ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દરમિયાન કોંગ્રેસના કાર્યકર્તાઓએ ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે શહેર કોંગ્રેસ પ્રમુખ ધનસુખ રાજપુત, કાર્યકારી પ્રમુખ દિનેશ સાવલિયા સહીત ૨૦ જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરી તેમને હજીરા પોલીસ સ્ટેશન લઇ જવાયા હતા. જેને પગલે કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ભાજપ શાસકો કોંગ્રેસથી ડરી ગયા છે એટલે ૩૦ કિ.મી દુર આવેલા હજીરા ખાતેના પોલીસ સ્ટેશનમાં કોંગ્રેસના કાર્યકર્તાએ અટકાયત કરી લઇ જવાયા હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### AURO યુનિવર્સિટી દ્વારા ફેસ્ટિવલ ઓફ લર્નિંગની ઉજવણી કરાશે

સુરતઃ AURO યુનિવર્સિટી જ્ઞાન અને નવીનતાની ઉજવણી કરવા માટે 1 થી 7 ઓગસ્ટ, 2024 દરમિયાન 'ફેસ્ટિવલ ઓફ લર્નિંગ' દ્વારા શૈક્ષણિક વર્ષ 2024 માટે વિદ્યાર્થીઓની નવી બેચને આવકારવાની તેની વાર્ષિક મેગા ઇવેન્ટનું આયોજન કરશે. જેમાં વિવિધ અભ્યાસક્રમથી સહ-અભ્યાસિક પ્રાયોગિક પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરશે, આ કાર્યક્રમને શરૂ કરવા માટે, વિદ્યાર્થીઓ અને માતાપિતાની નોંધણી કરવામાં આવશે. સત્રને ઓરો યુનિવર્સિટીના સ્થાપક પ્રમુખ એચ.પી. રામા અને પ્રોવોસ્ટ પ્રો. પરિમલ વ્યાસ, દ્વારા સંબોધિત કરવામાં આવશે, જેઓ વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે તેમની દ્રષ્ટિ અને ચિંતાઓ શેર કરશે અને કેવી રીતે AURO યુનિવર્સિટીનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભવિષ્યના વ્યાવસાયિકો અને બ્રહ્માંડના વૈશ્વિક નાગરિકો તરીકે સર્વગ્રાહી વૃદ્ધિ અને વિકાસ સુનિશ્ચિત કરવાનો છે તેના પર વાતચીત કરશે. તે પછી વિદ્યાર્થીઓ માટે FOL-ઉત્સવનું ઉદ્ઘાટન થશે. આ દિવસે કેટલીક રોમાંચક ઘટનાઓ થીમ આધારિત સ્વાદિષ્ટ જમણ, ફ્લેશમોબ અને વાઇબ્રન્ટ વર્કશોપ હશે. AURO યુનિવર્સિટી ખાતે FOL એ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમુદાય માટે એકસાથે આવવા, વિચારોનું આદાનપ્રદાન કરવા અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો દ્વારા પ્રેરિત થવાનો એક અવિસ્મરણીય અનુભવ બનશે.

### સચિન એલ.ડી.હાઇસ્કૂલમાં ગાયક મોહમંદ રફી શતાબ્દિની ઉજવણી કરાઈ



સુરતઃ 'મહેફિલે મોહમદ રફી શતાબ્દી મહોત્સવ' કાર્યક્રમની ઉજવણી એલ.ડી. પરિવારના આચાર્ય ડો. નિલેશભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ સંગીતના સાત સુરો અંતર્ગત બીજી કડીની ઉજવણી કાર્યક્રમના કન્વીનર જયેશભાઈ પટેલ, મદદનીશ શિક્ષક દિલીપભાઈ ચાવડા, શ્રીમતી સંગીતાબેન પટેલ તેમજ ધોરણ 11 ના વિદ્યાર્થી મિત્રો સાથે ઉજવણી કરવામાં આવી હતી.

### એસ ડી જૈન મોર્ડન સ્કૂલની ૬ વર્ષીય વિદ્યાર્થિની ચેસમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે



સુરતઃ સુરત શહેરની એસ ડી જૈન મોર્ડન સ્કૂલના પહેલા ધોરણમાં અભ્યાસ કરતી ૬ વર્ષીય વિદ્યાર્થિની વાકા લક્ષ્મી પ્રગ્નિકા અંડર ૭ની કેટેગરીમાં મૈસુર ખાતે સપ્ટેમ્બરમાં યોજાનાર ચેસની નેશનલ ચેમ્પિયનશિપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. તાજેતરમાં તા.૨૭-૨૮મી જુલાઈના રોજ અમદાવાદ ખાતે નેશનલ ચેમ્પિયનશિપ માટે રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭ વર્ષની નીચેની વયજૂથના ૧૧૦થી વધારે પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. જેમાં ૭ રાઉન્ડની ચેમ્પિયનશિપમાં પ્રગ્નિકાએ ૬.૫ પોઈન્ટ મેળવી પોતાને રાષ્ટ્રીય સ્તરે ક્વોલિફાય કરાવી હતી. આ અદભુત સિદ્ધિ મેળવવા બદલ શાળાના સંચાલક, આચાર્ય તથા પ્રાથમિક વિભાગના મુખ્ય શિક્ષિકાએ પ્રગ્નિકાને અભિનંદન પાઠવ્યા હતા.

### દીપ દર્શન વિદ્યા સંકુલમાં ધો.10-12ના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



સુરતઃ ઉમિયાધામ ડીંડોલી ખાતે દીપ દર્શન વિદ્યા સંકુલના વર્ષ 2023-24 ના વર્ષમાં ધોરણ 10 અને 12 માં A1અને A2 ગ્રેડ પ્રાપ્ત કરનાર કુલ 112 વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ તેમજ ચાલુ વર્ષના ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ માટે વક્તા ડો.પરેશ સવાણી અને પિયુષ જોશીના વકતવ્યનું આયોજન કરાયું હતું. ગત વર્ષ 2023-24 માં ધોરણ 10 અને 12 કોમર્સ અને સાયન્સમાં A1 અને A2 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંસ્થાના વહીવટી સભ્યોના હસ્તે ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં શાળાના સંચાલક દશરથ પટેલ, તુષાર પટેલ, આચાર્ય ભાવેશ આર. જોષી, સાયન્સ વિભાગના એચ.ઓ.ડી. પંકજ પાનસુરીયા, પ્રિ.પ્રાયમરી વિભાગના આચાર્ય રસીલા મેમ, પ્રાથમિક વિભાગના સુપરવાઇઝર આશાબેન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન 12 કોમર્સની વિદ્યાર્થીઓ ભાવનગરીયા ધ્રુવી અને ખેર હેત્વી દ્વારા કરવામાં આવ્યું હતું.

### અડાજણની શ્રી સ્વામિનારાયણ એકેડેમીના વિદ્યાર્થી સ્પર્ધામાં ઝળક્યા



સુરતઃ અડાજણ સ્થિત શ્રી સ્વામિનારાયણ એકેડમીમાં 'બી.આર.સી. સમર ઓપન ડાર્ટ ચેમ્પિન ૨૦૨૪' તા. ૧૪ જૂલાઇ ૨૦૨૪ થી ૨૧ જૂલાઈ ૨૦૨૪ દરમ્યાન પ.બંગાળ કોલકત્તા ખાતે આયોજિત ડ્રો ડબલ્સ અને રુકીઝ કપ સ્પર્ધામાં ધો. ૭ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ભાવસાર જલ વિજેતા થયો હતો. જલને રૂપિયા 5000નો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઉપરાંત ધો. ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની રીવા સવાણીને આ સ્પર્ધામાં મોસ્ટ 'પ્રોમિસિંગ યુથ પ્લેયર' તરીકે એવોર્ડ આપવામાં આવ્યો હતો. કોચ પિયુષ ચૌહાણને IDC નેશનલ રેન્કિંગ મેન્સ સિંગલનો એવોર્ડ ટ્રોફી અને રૂપિયા 3000નું ઈનામ આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય તેમજ સમસ્ત સ્ટાફ અને ટ્રસ્ટી હિંમતભાઈ ગોંડલિયાએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.

### મહાજન અનાથ બાળાશ્રમની અંગ્રેજી સ્કૂલમાં ગ્રીન ડેની ઉજવણી



સુરતઃ મહાજન અનાથ બાળાશ્રમ ઇંગ્લિશ મિડીયમ પ્રી પ્રાઇમરી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બુધવારે ગ્રીન ડેની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી નિમિત્તે બાળકો વૃક્ષોની થિમ આધારિત વસ્ત્રો પરિધાન કરી શાળામાં આવ્યાં હતાં. બાળકોમાં રંગોની ઓળખ આવે એ માટે આ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ભાગ લેનારાં બાળકોને શિક્ષકો તથા પ્રિન્સિપાલ નિધિબેન લાકડાવાળાએ માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.